ચીખલી તાલુકામાં વાવાઝોડાના છ દિવસ બાદ પણ સહાય નહીં ચુકવાતા ગામે-ગામ લોકોમાં રોષ

વાવાઝોડાના અસરગ્રસ્તોનો હલ્લાબોલ

તલાવચોરાના અસરગ્રસ્તોને સહાય નહીં ચૂકવાતા લોકોનો તાલુકા પંચાયતમાં સુત્રોચ્ચાર સાથે ધસી આવ્યા

મોટાપાયે થયેલા નુકસાન અંગે તાત્કાલિક સરવે કરાવી સહાય અને વળતર ચૂકવવાની માંગ કરી આવેદનપત્ર આપ્યું

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના તલાવચોરાના ડેન્સા ફળિયા ગામતળ સહિતના વિસ્તારના વાવાઝોડાના અસરગ્રસ્તો મોટી સંખ્યામાં તાલુકા પંચાયતમાં સુત્રોચ્ચાર સાથે ધસી આવી રહેણાંક મકાનો, ખેતીવાડી અને પશુધનને મોટાપાયે નુકસાન થતા તાત્કાલિક સરવે કરાવી તમામ નુકસાનીમાં તાત્કાલિક સહાય અને વળતર ચૂકવવામાં આવે તેવી માંગ આવેદનપત્ર દ્વારા કરવામાં આવી હતી. વધુમાં ગામમાં શેરી લાઈટ અને પાણી પુરવઠો તાત્કાલિક પુવર્વત કરવામાં આવે તેવી પણ રજૂઆત કરાઈ હતી. આ ઉપરાંત મકાનનું સમારકામ ન થાય અથવા નવીન મકાન બનાવવા માટે સહાય ન મળે ત્યાં સુધી બેઘર થયેલા પરિવારોને તાત્કાલિક રહેવા માટે શેડ (પતરા) ની વ્યવસ્થા કરવાની માગ સાથે તલાવચોરાની મહિલાઓએ સહાય ન ચૂકવતા રોષ ઠાલવ્યો હતો. રજૂઆત દરમિયાન જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ સહિતના આગેવાનો પણ જોડાયા હતા.

જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શૈલેષભાઈ જણાવ્યાનુસાર સરકારી ધારા ધોરણ મુજબ સહાય ચૂકવવાની તજવીજ ચાલી રહી છે. જે મુજબ તો માંડ પંદર ટકા અસરગ્રસ્તોને સહાય મળશે. આ ઉપરાંત ફળાઉ ઝાડો બાબતે તંત્ર દ્વારા કોઈ ચોક્કસ નીતિ જાહેર કરાઈ નથી ત્યારે સરકાર દ્વારા અસરગ્રસ્તોને સહાય ચૂકવવામાં નહીં આવશે તો કોંગ્રેસ સાખી લેશે નહીં અને કાર્યકરો અસરગ્રસ્તો સાથે આંદોલન પણ કરશે.

ખેતીવાડીને મોટું નુકસાન થયું છે

તલાવચોરાના સતિષભાઇના જણાવ્યાનુસાર વાવાઝોડામાં ગરો, ખેતીવાડીને મોટું નુકસાન થવા પામ્યું છે. પરંતુ હજુ સહાય ચૂકવાઇ નથી. અમારા વિસ્તારમાં કોઇ મોટા નેતા આવ્યા નથી. જેથી તાત્કાલિક વિગતવાર સરવે કરી સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે તે જરૂરી છે. તલાવચોરાના ડેપ્યુટી સરપંચ કલ્પેશભાઈના જણાવ્યાનુસાર અમારા ગામમાં નુકસાનીનો ઘરે ઘરે સરવે કરાવ્યો છે. અને સહાય માટેના ફોર્મ પણ ભરાવ્યાં છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓને આગેવાનો સાથે સંકલન કરી તાડપત્રી, અનાજની કીટ, પતરા, ધાબળા પણ જરૂરિયાત મંદ પરિવારોને આપ્યા છે. અને હજુ પણ બીજા પરિવારોને આપવાનું આયોજન કરવામાં આવેલું છે.

અધિકારીઓ સહાય અંગે નિયમોને જ પકડી રાખશે તો વિવાદ સર્જાશે

ચીખલી તાલુકામાં વાવાઝોડાના છ દિવસ બાદ પણ સરકારે અસરગ્રસ્તોને સહાય ચૂકવી નથી, જેને લઇને ગામે-ગામ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ચીખલી બાદ તલાવચોરા ગામના લોકોએ મોરચો કાઢ્યો છે. પરંતુ સ્થિતિ જોતા તાત્કાલિક સહાય ન ચુકવાશે તો ગામે ગામના લોકો મોરચો લાવશે તેમ લાગી રહ્યું છે. બીજી તરફ તાલુકાના અધિકારીઓ સહાય અંગે નિયમોને જ પકડી રહેશે તો મોટો વિવાદ સર્જાઇ તો નવાઈ નહીં. હજુ તો તંત્ર ફોર્મ જ ભરાવી રહ્યું છે. અને બાદમાં કેટલાકને આપવાપાત્ર છે તે નક્કી કરશે. તેવામાં અસરગ્રસ્તોએ હજુ ઘણા દિવસો રાહ જોવા પડશે. ઉપરોક્ત સ્થિતિમાં સંવેદનશીલ સરકાર અસરગ્રસ્તો માટે સંવેદના દર્શાવે તે જરૂરી છે.

ડુંગરી આંબાવાડીમાં યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

પારડી : પારડીના ડુંગરી ખાતે આવેલી આંબાવાડીમાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી જવા પામી હતી.

પારડીના રેંટલાવ પાટીલ રેલવે ઈન્ડસ્ટ્રીઝ કંપની ખાતે રહેતા અને મૂળ બિહારના રેહાન રબેબાલમ અંસારી (ઉંવ.18) કે જે ડુંગરી ખાતે આવેલી ઈન્ટેક્સ કંપનીમાં નોકરી કરતો હતો. ત્યારે આજરોજ ડુંગરી વડફળિયા ખાતે આવેલી મનીષ દેસાઈની આંબાવાડીમાં ઝાડની ડાળી સાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જેની જાણ થતા ગ્રામજનો તેમજ પોલીસ સ્થળ ઉપર દોડી આવી હતી. યુવાનની લાશને પોલીસે કબજે લઈ પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. આ સમગ્ર ઘટના અંગે સંબંધી ઈબ્રારઅલી મોહમ્મદ બચુવાલ અન્સારીએ ફરિયાદ નોંધાવી હતી.

જેમાં મૃતક યુવાન રેહાન મગજની બીમારીના કારણે ટેન્શનમાં રહેતો હોવાથી આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું, વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

જ્યાં અસહિષ્ણુતા છે ત્યાં સ્વાર્થ, કુટિલતા અને સ્વચ્છંદતા હોય જ : પદ્મદર્શનવિજયજી

સુરત : સોમનાથ રોડ સ્થિત શ્રી ગૌહરબાગ જૈન સંઘમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે સમજાવતા કહ્યું હતું કે સહન કરે, સહાય કરે અને સાધના કરે તેને સાધુ કહેવાય. વસ્ત્ર પરિવર્તનથી નહીં, પણ વિચાર પરિવર્તનથી સાચા સાધુ બનાય છે. સંસારની મોહમાયાના વળગાડ જ્યાં સુધી વળગ્યા છે ત્યાં સુધી સાચા શ્રામણ્યની પ્રાપ્તિ થતી નથી. સંસારયાત્રાને પૂર્ણવિરામ આપવા માટે સંયમયાત્રા જરૂરી છે. સંયમ એટલે નિયંત્રણ. સ્વતંત્રપણાનો અને સ્વચ્છંદતાનો સંપૂર્ણ ત્યાગ ગુર્વાજ્ઞા પ્રત્યે આદર થાય તો જ સંયમ સાર્થક બને છે. આજે કોઈને કાંઈ સહન કરવું નથી. અસહિષ્ણુતાની આગે કુટુંબ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રને મોટું નુકસાન પહોંચાડ્યું છે. જ્યાં અસહિષ્ણુતા છે ત્યાં સ્વાર્થ, કુટિલતા અને સ્વચ્છંદતા હોય જ. આજે શક્તિ વધી છે પણ સહનશક્તિ ઘણી ઘટી છે. જો માણસ સહન કરવાની થોડીક શક્તિ કેળવે તો થોડીક ધીરજને અંતે સુંદર પરિણામ હાંસલ કરે છે. પોતાના સર્કલમાં દરેક વ્યક્તિએ સહન કરવાની સ્પર્ધા કરવી જોઈએ. મુનિ જીવનની સફળતામાં સૌથી મુખ્ય મળતી અનુકૂળતા અને આવી પડતી પ્રતિકૂળતાઓ વખતે સહિષ્ણુ બનવાનું છે. મોટા વ્યક્તિની મોટાઇ સહનશક્તિ કેળવવામાં છે. મોટા માણસો તે જ કહેવાય કે જે નાનાઓની અવળચંડાઈ, લુચ્ચાઈ કે ક્ષતિઓને સહન કરતાં શીખે.

વલસાડના મરલાની શાળામાંથી યુવાનની લાશ મળી આવી

વલસાડ : વલસાડ તાલુકાના મરલા ગામે આવેલી નવી પ્રાથમિક શાળાના પ્રથમ માળેથી 43 વર્ષીય ગામના એક યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા વલસાડ રૂરલ પોલીસ પીઆઇ તેમની ટીમ સાથે દોડી ગયા હતા. જોકે, યુવાનના ગળા અને માથાના ભાગે ઈજાના નિશાનો જોવા મળતા પોલીસે પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા બાદ રિપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત બહાર આવશે. વલસાડના મરલા ગામે થાણા ફળિયામાં રહેતા 43 વર્ષીય હિતેશ આનંદ પટેલનો આજરોજ સવારે ગામમાં નવી બની રહેલી મરલા પ્રાથમિક શાળાના પ્રથમ માળેથી મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા વલસાડ રૂરલ પોલીસ મથકના પીઆઇ તેમની ટીમ સાથે ઘટના સ્થળ પર દોડી ગયા હતા. મૃત્યુ પામનાર હિતેશ પટેલના ગળાના ભાગે દોરડું બાંધેલું હતું અને માથાના ભાગે ઇજા થવાથી લોહી પણ નીકળતું હતું. પોલીસને શંકા જતા સ્થળ પર એફએસએલની ટીમને બોલાવી હિતેશના મૃતદેહને વલસાડ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. હિતેશ પટેલે આત્મહત્યા કરી કે પછી તેની હત્યા થઈ, એ તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ માલુમ પડશે. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

સેલવાસની લાયન્સ ઇંગ્લિશ સ્કૂલમાં ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મજયંતીની ઉજવણી

વાપી : સેલવાસ સ્થિત લાયન્સ ઇંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ અને હવેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા ભારતના બે મહાન વિભૂતિઓ મહાત્મા ગાંધીજી અને લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ ઉજવાઈ હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ ફતેહસિંહજી એમ.ચૌહાણ, વિશેષ અતિથિ અનંતરાવજી ડી. નિકમ, સચિવ કુલદીપસિંહ મુન્દ્રા, સંયુક્ત સચિવ જયેન્દ્રસિંહ રાઠોડ, શાળા આચાર્યા નિરાલી પારેખ, ઉપઆચાર્યા પારુલ ગુપ્તા, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સના પ્રાચાર્યા ડો. સીમા પિલ્લાઈ, ઉપપ્રાચાર્યા ડો. જહાનવી આરેકર, હવેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રાચાર્યા ડો. શિલ્પા તિવારી તેમજ પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન અને મહાત્મા ગાંધીજી તથા લાલબહાદુર શાસ્ત્રીજીની છબીને ફૂલમાળા ચઢાવવાથી થઇ હતી. વિશેષ રૂપે, અધ્યક્ષ ફતેહસિંહજી એમ. ચૌહાણે ઘરગથ્થુ સ્ટાફના કર્મચારીઓને પણ દીપ પ્રજ્વલન માટે આમંત્રિત કર્યા હતા, ત્યારબાદ પ્રેરણાદાયી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ભાષણો, નાટક અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા રજૂ કરાયેલા સુમધુર ગીતો સામેલ હતા. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ રહ્યું હતુ. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી સર્વધર્મ પ્રાર્થના, જેમાં એકતા અને સંગઠનનો અમર સંદેશ ગુંજી ઊઠ્યો હતો.

વાપીમાં નાણાંમંત્રી કનુભાઈએ ખાદીની ખરીદી કરી

વાપી : વાપીમાં ગુજરાત સરકારના કેબિનેટ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ ખાદી ખરીદી હતી. ભારતીય જનતા પાર્ટી વાપી શહેર દ્વારા આયોજિત ખાદી ખરીદી કાર્યક્રમ અંતર્ગત કેબિનેટ મંત્રી હાજર રહ્યા હતા. આ પ્રસંગે વીઆઇએ અધ્યક્ષ તેમજ પૂર્વ ભાજપ પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વિઠ્ઠલભાઈ પટેલ, વાપી નગરપાલિકાના પૂર્વ ઉપાધ્યક્ષ અભયભાઈ શાહ, વાપી શહેર મહામંત્રી વિરાજ ભાઈ દક્ષિણી સહિત સંગઠનના કાર્યકર્તા મિત્રો મોટી સંખ્યામાં ખાદી ખરીદી અભિયાનમાં જોડાયા હતા.

વાંસદામાં ૯૮ દર્દીઓએ આંખની સારવાર કરાવી

નિલેશ કાવડિયા

વાંસદાઃ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટની નવી શાખાનો વાંસદામાં શુભારંભ શાસ્ત્રોક્ત વિધિવિધાન પૂર્વક પુજન, શ્રી રામઅર્ચના રૂદ્રાભિષેક, રામાયણજી પાઠ, સુંદરકાડ પાઠ સાથે કરવામાં આવ્યો હતો. શુભારંભમાં મુખ્ય અતિથિ તરીકે પ.પૂ.શ્રી સદ્ગુરુદેવ ભગવાનશ્રીનાં અંતેવાસી શિષ્ય પૂજ્ય રમાબેન હરિયાણી ઉપસ્થિત રહ્યા હતા. તેઓનાં વરદ્ હસ્તે નવી શાખા વાંસદાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનેક જગ્યાએથી દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ દિવસથી દર્દીઓનો ધસારો રહ્યો હતો. જેમાં ૯૮ જેટલા દર્દીઓને આંખની નવી રોશની પ્રાપ્ત થશે. વાંસદામાં નવી શાખાના શુભારંભથી અંતરીયાળ વિસ્તાર તથા આદીવાસી ગરીબ લોકોને મફત આંખનાં મોતિયાનાં ઓપરેશનનો લાભ મળી રહેશે. અને દર્દીને રહેવા, ચા, નાસ્તો, શુધ્ધ ઘીનો શીરો, ભોજન, એક ધાબળો, એક સાડી, ૨ કીલો ચોખા, ૧ કિલો ઘઉંનો લોટ, અડધો કિલો મીઠી ગુંદી, દવા, ટીપાં, કાળા ચશ્મા, તથા દરેક દર્દીને રૂપિયા ૧૦૦ દક્ષિણારૂપે આપવામાં આવ્યા હતા. સાથે દર્દીને સંસ્થાની બસ દ્વારા ઓપરેશન બાદ પરત ઘરે મુકવા જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

પારડીમાં નાણામંત્રીના હસ્તે રાવણના પૂતળાનું દહન કરાયું

પારડી : પારડી કુમારશાળાના મેદાનમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ અસત્ય પર સત્યનો વિજય સાથે રાવણના પૂતળાનું દહન કર્યું હતું. સર્વપ્રથમ દીપ પ્રાગટ્ય કરી શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. આરએસએસના 100 વર્ષ પૂર્ણ થતા સંગઠન અંગેની જાણકારી સાથે દશેરા પર્વની શુભકામના આપી હતી. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓને એકત્રિત થવા માટે અને સમાજની અંદર દૂષણ ફેલાવી રહેલા રાવણોને ડામવા માટે હાકલ કરી હતી. બાદમાં મંત્રી કનુભાઈના હસ્તે રાવણના પૂતળાનું દહન કર્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદના રાજેશ રાણા, નિલેશ અકબરી, વિપુલ પટેલ, રામદાસ મહારાજ, અમિત પટેલ, ડો. જીજ્ઞાબેન ગરાસીયા, રાકેશ રાણા સહિત મોટી સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, પારડી ભાજપના હોદ્દેદારો, તેમજ પાલિકાના સદસ્યો, નગરજનોની ઉપસ્થિતિમાં દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વાધ્યાય મંડળના પરેશ, ચેતન અને કૃણાલ પટેલે કર્યું હતું.

'અસત્ય પર સત્યના વિજય'ની ડાંગ જિલ્લામાં ભવ્ય ઉજવણી

સાપુતારા : નવરાત્રિના પર્વની પૂર્ણાહુતીરૂપી દશેરાના તહેવારની સમગ્ર ડાંગ જિલ્લામાં ઉજવણી કરવામાં આવી હતી. તેમજ દિવસ દરમિયાન શસ્ત્રો તથા વાહનોની પૂજા અર્ચના સહિતના ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા અને રાત્રીનાં નવ વાગ્યાનાં અરસામાં રાવણ દહન કરવામાં આવ્યુ હતુ. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં નવરાત્રિમાં નવદુર્ગાના સ્વરૂપની આરાધના કરી નવરાત્રિની ભક્તિભેર ઉજવણી કરવામાં આવી હતી. જે બાદ નવરાત્રિના પર્વની પૂર્ણાહુતીરૂપી દશેરાના તહેવારની પણ સમગ્ર ડાંગ જિલ્લામાં ઉજવણી કરવામાં આવી હતી. ડાંગના વઘઇ, આહવા, સુબીર વગેરે ગામોમાં રાવણ દહન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. તેમજ જિલ્લાના કેટલાક સ્થળોએ પરંપરાગત શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં શસ્ત્ર પૂજનમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ડાંગ જિલ્લામાં રાવણ દહન કાર્યક્રમમાં વરસાદે વિઘ્ન ઉભું કર્યુ હતુ. જેથી રાત્રીનાં 9 પછી રાવણ દહનનાં કાર્યક્રમો થયા હતા.

દમણમાં વડીલોના સન્માન માટે કાર્યક્રમ યોજાયો

દમણ : સંઘપ્રદેશ દમણમાં વડીલોના સન્માન હેતુ લાયન્સ ક્લબ અને હોટલ દરિયા દર્શન દ્વારા એક ખાસ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. છેલ્લા 24 વર્ષથી હોટલના માલિક નવીન ફેટાના સ્વર્ગસ્થ માતા-પિતાના સ્મરણાર્થે વડીલોના સન્માન હેતુ કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યો છે. ત્યારે આયોજિત કાર્યક્રમમાં 19 જેટલા વડીલોને શ્રીફળ આપી શાલ ઓઢાડી તેમનું બહુમાન કરી વડીલોના સામાજિક દાયિત્વને બિરદાવ્યા હતા. આ પ્રસંગે ખાસ વડીલો માટે એક હેલ્થ ચેકઅપ કેમ્પનું પણ આયોજન હોટલ પરિસરમાં કરવામાં આવ્યું હતું. આયોજિત સન્માન કાર્યક્રમમાં હોટલના માલિક નવીન ફેટા, તેમની સુપુત્રી પદ્માવતી ફેટા, લાયન્સ ક્લબના કાન્તિ પામસી, દમણ લાયન્સ પરિવારના સભ્યો તથા અન્ય સન્માનિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડમાં RSS દ્વારા વિજ્યાદશમી ઉત્સવ

વલસાડ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વલસાડ દ્વારા સંઘ શતાબ્દી વર્ષ અંતર્ગત વિજ્યાદશમી ઉત્સવનું આયોજન કરાયું છે. જેમાં 2 ઓક્ટો. ગુરૂવારે પથ સંચલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તરિયા વાડ, સતીમાતા મંદિરેથી પથ સંચલન પ્રસ્થાન કરી પાદરદેવી મંદિરે વિશાળ રેલી સમાપ્ત થઈ હતી. જેમાં આરએસએસના સ્વયંસેવકો, શિશુ-બાલ-તરૂણ સ્વયંસેવકો ગણવેશમાં જોવા મળ્યા હતા. ઉપરાંત 5મી ઓક્ટો. રવિવારના રોજ સાંજે 5 કલાકે અબ્રામા સ્થિત તડકેશ્વર મહાદેવના વિશાળ મેદાનમાં સાર્વજનિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. જેમાં મુખ્ય વક્તા તરીકે નવસારી વિભાગ પ્રચારક મુકુંદ જોગીયા તેમજ મુખ્ય અતિથિ તરીકે વલસાડના ડો.દેવાંગ દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે. 100 વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે યોજાનાર આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સહપરિવાર પધારવા વલસાડ નગર કાર્યવાહ કૃણાલ પંડ્યાએ હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

નાનાપોંઢા તાલુકાની મામલતદાર-તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ

આદિવાસી વિસ્તારમાં ખેતીવાડીનો વિકાસ થયો છે, એટલો વિકાસ બીજી કોઈપણ જગ્યાએ થયો નથી: કનુભાઈ દેસાઈ

વલસાડઃ વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતુ. મંત્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યું કે, આદિવાસી વિસ્તારમાં ખેતીવાડીનો વિકાસ થયો છે, એટલો વિકાસ બીજી કોઈપણ જગ્યાએ થયો નથી. સરકારે આદિવાસી વિસ્તાર અને સાગરખેડુઓ માટે અલાયદા બજેટની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં નવા જિલ્લા અને તાલુકાઓની રચના બાદ તુરંત જ દરેક કાર્યાલયો કાર્યરત કરવાનું કાર્ય મુખ્યમંત્રીએ કર્યું છે. સાંસદ ધવલ પટેલે કહ્યું કે, નાનાપોંઢા તાલુકાની રચના અહીંના લોકોને વધુ સારી અને દરેક સુવિધાઓ પૂરી પાડવા માટે થઈ છે.

પ્રભારી મુકેશ પટેલે જણાવ્યુ હતું કે, નાનાપોંઢા તાલુકામાં સમાવિષ્ટ ગામોએ હવે કપરાડા સુધી જવાની જરૂર નથી.

હવે તેમના ઘરઆંગણા સુધી સરકાર આવી છે. લોકાર્પણ પ્રસંગે કપરાડા ધારાસભ્ય જીતુ ચૌધરીએ નાનાપોંઢા તાલુકાની રચનાના અભિનંદન પાઠવતા પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. નોંધનીય છે કે, કપરાડા તાલુકાનું વિભાજન કરી નાનાપોંઢા તાલુકા ની રચના કરવામાં આવી છે. તાલુકાનું મુખ્ય મથક નાનાપોંઢા રહેશે તેમજ આ તાલુકામાં ૪૯ ગામનો સમાવેશ કરાયો છે. આભાર વિધિ કપરાડા ટીડીઓ આનંદ પટેલે કરી હતી. આ પ્રસંગે સંગઠન પ્રમુખ હેમંત કંસારા સહિત વિવિધ ગામના સરપંચો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

CMના હસ્તે નવી ઉમરગામ મામલતદાર કચેરીનું ઈ-લોકાર્પણ

જૂની કચેરી જર્જરિત થઈ જવા સાથે કાર્યપાલક મેજિસ્ટ્રેટ કચેરીનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યુ

ઉમેશ સોલંકી

ઉમરગામ : રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગરથી નવી ઉમરગામ મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટ કચેરીનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. રૂપિયા 4. 80 કરોડના ખર્ચે આ કચેરીના મકાનનુ નિર્માણ કરાયું છે.

ઉમરગામ નારગોલ કોસ્ટેલ હાઈવે પર નવી બનેલી ઉમરગામ મામલતદાર કચેરીના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનું ઉમરગામના મામલતદાર ડી.સી. બ્રાહ્મણકાચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ધારાસભ્ય રમણભાઈ પાટકરે રીબીન કાપી કચેરીમાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમને જણાવ્યું હતું કે જૂની કચેરી ખૂબ જ જર્જરિત થઈ ગઈ હતી. નવી કચેરીની ઘણી આવશ્યતા હતી. લોકોને સારી સુવિધાઓ મળે લોકોના કામ ઝડપથી થાય તે માટે અધિકારીઓને સૂચનાઓ આપી હતી અને સરકારના વિકાસના કામોની જાણકારી આપી હતી.

આ પ્રસંગ ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ લલીતાબેન દુમાડા, ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ મનીષ રાય, ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડો નિરવ શાહ, તાલુકા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ગ્રામ પંચાયતના સરપંચો, ઉમરગામ યુઆઈએના પ્રમુખ નરેશભાઈ, ઉદ્યોગપતિ સંતોષભાઈ, ઈશ્વરભાઈ બારી, જીગ્નેશ બારી, ઉમરગામ પાલિકાના માજી પ્રમુખ સચિનભાઈ માછી, ઉમરગામ મામલતદાર કચેરીનો સ્ટાફ અને આગેવાનો ઉપસ્થિત થયા હતા.

પારડી ચીવલ રોડ પર દશેરા પર્વે મેળો ભરાયો

પારડીઃ પારડીમાં દશેરા પર્વ નિમિત્તે મુખ્ય બજારથી ચીવલ રોડ સુધી મેળો ભરાયો હતો. જેમાં લોકોની ભીડ ઉમટી હતી. વર્ષોથી અહીં મેળો ભરાય છે અને દર વર્ષે સ્ટોલોમાં વધારો થતો જોવા મળે છે. નગરપાલિકાના નેજા હેઠળ પાણીના ટેન્કરની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઓમકાર યુવક મંડળ દ્વારા લોકોને ઠંડા પાણીનું વિતરણ કરાયું હતું. અહીં માન્યતા છે કે મરીમાતાના મંદિરે રક્ષા બંધન પર્વે બહેનો ગોળ મહારાજ પાસે રાખડી બંધાવે છે. દશેરા પર્વ નિમિત્તે રાખડી છોડાવી ગોળ મહારાજને યથાશક્તિ પ્રમાણે દાન કરી ધન્યતા અનુભવે છે. આ સાથે પારડી પોલીસમથકના પીઆઇ જી.આર ગઢવીની ટીમે ખડેપગે સેવા આપી હતી. ટ્રાફિક વ્યવસ્થા માટે જીઆરડી જવાનો તૈનાત જોવા મળ્યા હતા. 2 કિમી. સુધી લાંબો ચીવલ રોડ ઉપર મેળો ભરાયો હતો. જેમાં કપડાં, વાસણ, બુટ-ચપ્પલ, ઘરવખરીની ચીજ વસ્તુઓ, રમકડાં-બલુન વગેરેની લોકોએ ખરીદી કરી હતી.

દિવસ અને રાત્રે તાપમાન વધવા માંડતા ગરમીનો અહેસાસ

નવસારી : હવે સૂર્ય નારાયણે દર્શન દેવા માંડ્યા છે, ત્યારે તાપમાનનો પારો ઊંચો જવા માંડ્યો છે. મહત્તમ તાપમાન ફરીથી 31 ડિગ્રીને પાર કરી જતાં લોકોને શિયાળાની ગુલાબી ઠંડીને બદલે ગરમીનો અહેસાસ થવા માંડ્યો છે. નવસારી જિલ્લામાં હવે સૂર્ય નારાયણે હાજરી પુરાવવા માંડી છે. એ કારણે તાપમાનનો પારો પણ ઊંચે જવા માંડ્યો છે. ગુરૂવારે મહત્તમ તાપમાન 30.5 ડિગ્રી હતું, તે શુક્રવારે વધીને 31.8 ડિગ્રી થયું હતું. એ જ રીતે લઘુતમ તાપમાન 23.8 ડિગ્રીથી વધીને 24 ડિગ્રી થતાં રાત્રે પણ ઉકળાટ અનુભવવા મળ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે 96 ટકા હતું, જ્યારે સાંજે તે ઘટીને 71 ટકા થયું હતું.

પુત્ર અને પુત્રીએ માતાને સ્વીકારવાની ના પાડી દીધી

વલસાડ રેલવે સ્ટેશન પરથી મળેલી વૃદ્ધાનું સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પરિવાર સાથે પુન:મિલન કરાવાયું

વલસાડ : વલસાડ રેલવે પોલીસ સ્ટેશન દ્વારા ૨૮/૦૯/૨૦૨૫ના રોજ સુંદરદેવી (નામ બદલેલું છે) નામની એક વૃદ્ધ મહિલાને હંગામી આશ્રય માટે "સખી" વન સ્ટોપ સેન્ટર, વલસાડ ખાતે લાવવામાં આવી હતી. કાઉન્સેલિંગ દરમ્યાન મહિલાએ પોતાનું નામ તથા ઉમરગામમાં રહેતા પુત્ર અને પુત્રી વિષે માહિતી આપી હતી. તેના સામાનમાંથી મળેલા કાગળમાં પુત્રનો મોબાઈલ નંબર મળતાં સંપર્ક કરાયો હતો. માતાની જાણકારી આપ્યા બાદ પુત્રએ માતાને લેવા સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો. બીજા દિવસે પુત્રીનો સંપર્ક કરાયો, પરંતુ તેણે પણ માતાને સ્વીકારવાની ના પાડી દીધી હતી. ફોન કાઉન્સેલિંગ બાદ સેન્ટરના કર્મચારીઓએ ઉમરગામમાં પરિવારની શોધખોળ કરતા પરિવાર મળ્યો છતાં પુત્રએ માતાને ઘરે રાખવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ, સેન્ટરે ૧૧૨ ઈમર્જન્સી હેલ્પલાઈન તથા ઉમરગામ પોલીસનો સહકાર લીધો હતો. પોલીસે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. શરૂઆતમાં પુત્ર અને વહુએ માતાને સ્વીકારવાનો ઈન્કાર કર્યો, પરંતુ બાદમાં તેઓ માતાને ઘરે લઈ જવા સંમત થયા હતા.